PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૨/કવા–૦૧/૧૭–૧૮/ 369૮ તા. ૧૦/૦૫/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
બાલાભાઈ દેવજીભાઈ કાછડીયા,
ગામઃ માયાપાદર,
તા..કુકાવાવ
જી. અમરેલી
મોઃ ૯૪૦૯૪ ૪૪૫૪૨

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભઃ– આપની અરજી , તા. ૧૧–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૨/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સહી)

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-.૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વાસાવડ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

[No: 06 (A)]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૨/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૯–૦૫–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: બાલાભાઈ દેવજીભાઈ કાછડીયા, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, વાસાવડ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)**

**રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)**

**: હુકમ :**

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ:માયાપાદર ખાતે ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૫૦૫/૦૦૫૧૭/૭ નુ ના મીટર નુ નિયમીત બીલીંગ, જે છેલ્લા ૦૧ વર્ષ થી, મીટર રીડર દ્રારા, સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહીને કરવાને બદલે, બીન વાસ્તવિક રીતે, '' એવરેજ યુનીટ '' નુ બીલીંગ થયેલ છે. તેઓ શ્રી ની રજુઆત ને અનુસંધાને, સદર મીટર બદલાવી અને લેબોરેટરી મા ચકાસણી કરતા, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ છે. જેથી, યોગ્ય જાહેર થયેલ મીટર ના છેલ્લા રીડીંગ માથી, અગાઉ ના ૦૧ વર્ષ પહેલાના વાસ્તવિક બીલીંગ ના છેલ્લા રીડીંગ બાદ કરતા, જે યુનીટ આવે તે યુનીટ માથી, અગાઉ ના ૦૧ વર્ષ ના સમયગાળા ના સરેરાશ યુનીટ બાદ કરી, અને માત્ર બાકી રહેતા યુનીટ નુ બીલીંગ કરી, અને તે મુજબ , અગાઉ ભરપાઈ થયેલ રકમ પણ બાદ આપી, અને જોડાણ નુ બીલીંગ નિયમીત કરવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ગામ:માયાપાદર ખાતે ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૫૦૫/૦૦૫૧૭/૭ નુ ના મીટર નુ નિયમીત બીલીંગ, જે છેલ્લા ૦૧ વર્ષ થી, મીટર રીડર દ્રારા, સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહીને કરવાને બદલે, બીન વાસ્તવિક રીતે, '' એવરેજ યુનીટ'' નુ બીલીંગ થયેલ છે. તેઓ શ્રી ની રજુઆત ને અનુસંધાને, સદર મીટર બદલાવી અને લેબોરેટરી મા ચકાસણી કરતા, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ છે. જેથી, યોગ્ય જાહેર થયેલ મીટર ના છેલ્લા રીડીંગ માથી – અગાઉ ના ૦૧ વર્ષ ના સમયગાળા દરમ્યાન અપાયેલ એવા ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના તમામ વીજબીલો ના કુલ યુનીટ ને, લેબોરેટરી મા જણાયેલ છેલ્લા રીડીંગ માથી બાદ કરી, અને તે ગણતરીએ, માત્ર બાકી રહેતા યુનીટ નુ આખરી બીલીંગ કરવાની કાર્યવાહી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પૂર્ણ થતા, આમ, અરજદાર શ્રી ની માંગણી સંતોષાય જતા, અરજદાર શ્રી ને, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૨૯–૦૪–૧૭ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંઘાને, અરજદાર શ્રી એ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, ખાસ કરીને, તેઓ શ્રી ના જોડાણ ના, લેબોરેટરી ચકાસણી દરમ્યાન તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ એવા મીટર માથી, અગાઉ ના ૦૧ વર્ષ ના સમયગાળા દરમ્યાન અપાયેલ એવા ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના તમામ વીજબીલો ના કુલ યુનીટ ને, લેબોરેટરી મા જણાયેલ છેલ્લા રીડીગ માથી બાદ કરી, અને તે ફોલ્ટી મીટર ના તમામ વીજબીલો યુનીટ બાદ કરતા, બાકી રહેતા યુનીટ નુ આખરી બીલીગ કરવાની કાર્યવાહી, જે પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પૂર્ણ થતા, આમ, અરજદાર શ્રી ની માંગણી સંતોષાય જતા, અરજદાર શ્રી ને, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૨૯–૦૪–૧૭ નો લેખીત સંમંતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ , અરજદાર શ્રી ના તા.૨૯–૦૪–૧૭ ના રોજ ના લેખીત સંમંતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.